GJVD020744032024

**<u>મે. વડોદરાના ૨૧ માં અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી(એ.એચ.દવે)ની કોર્ટમાં, વડોદરા.</u>**

**ફોજદારી કેસ નં:–૬૫૩૮૭/૨૦૨૪**
**આંક :–**

**<u>ફરીયાદી</u>** – શ્રી સ ર કા ર

**<u>વિરુદ્ધ</u>**

**<u>આરોપી</u>** – પ્રદિપભાઈ દિલીપભાઈ બારીયા

**ગુન્હો :–** **ઈ.પી.કો. કલમ– ૨૭૯ તથા એમ.વી.એકટની કલમ ૧૭૭, ૧૮૪ મુજબનો...**

**<u>–:: ચુ કા દો ::–</u>**

(૧) આજરોજ સ્પેશ્યલ મેજીસ્ટ્રેચલ સીંટીગનુ આયોજન કરવામાં આવેલ છે તેમાં અમો આરોપી હાજર થઈ ગુનાની કબુલાત અંગે પરસીસ આપતા સદર કેસ હાથ ઉપર લેવામાં આવેલ છે જે મુજબ ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપી સામે ઈ.પી.કો.કલમ–૨૭૯ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના ગુનાનો આરોપ છે અને તે આરોપીએ સ્વૈચ્છાએ ગુનાની કબૂલાત કરેલી છે. તેઓની રજૂઆત છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે, મધ્યમ વર્ગના છે, કોર્ટ સમક્ષ દયાની માંગણી કરીને ફરીથી આવો ગુનો નહિ કરવાનું જણાવેલ છે. અત્રેની અદાલતે તેઓને સજાની જોગવાઈ અંગે સમજાવવા છતાં તેમજ કબૂલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં આરોપીએ તેના નિવેદનમાં સ્વૈચ્છાપૂર્વક ગુનો કબૂલ કરેલ છે અને પોતાનો પ્રથમ ગુનો હોઈ અને પોતે ભવિષ્યમાં ગુનો નહિ કરે તેની ખાતરી આપી, રહેમ કરવા રજૂઆત કરેલ છે.

(૨) આરોપીએ દયાની માંગણી કરેલ હોઈ, આરોપીની રજૂઆત તથા કબૂલાત અને કેસના સંજોગોને ધ્યાને લેતા, તેમજ **<u>રમેશચંદ્ર ભીખાલાલ સોની વિરૂધ્ધ સ્ટેટ ઓફ</u>**

**<u>ગુજરાત, જી.એલ.એચ. ૨૦૧૩(૨) ૯૭૪</u>** ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતા તેમજ **<u>ગુજરાત હાઈકોર્ટનાં ૨૦૦૫ (૧) જીએલઆર ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરીચંદ્રજી ઠાકોર</u>** ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતા, તેમજ સ્પેશીયલ સીટીંગનું આયોજન કરવામાં આવેલ તે લક્ષમાં રાખતા, જો પૂરતા અને વ્યાજબી કારણો હોય, તો દરેક કેસની હકીકતને ધ્યાને લઈ, નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સતા છે. આ ચુકાદાના સિધ્ધાંતને ધ્યાને લઈ તથા આરોપીના સંજોગોને ધ્યાને લેતા, આરોપીને હળવી સજા કરી, હળવી તથા ઓછી સજા કરવા માટેના વાજબી અને વિશિષ્ટ કારણો જણાતા હોઈ, આરોપી ઉપર દયા બતાવી, સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોઈ, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરૂં છું.

**<u>-: હુ ક મ :-</u>**

**૧.** આ કામના આરોપી પ્રદિપભાઈ દિલીપભાઈ બારીયાને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૫૨ અન્વયે ભારતીય દંડ સહીતાની કલમ- ૨૭૯ તથા એમ.વી.એકટની કલમ-૧૭૭, ૧૮૪ મુજબના ગુના બદલ રૂા.૭૦૦/-(અંકે રુપીયા સાત સો પુરા)નો દંડ તથા દંડ ના ભરે તો દિન-૧૫ (પંદર) ની સાદી કેદની સજા તેમજ કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે.

હુકમ આજરોજ યોજવામાં આવેલ નેશનલ લોક-અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૪-૦૯-૨૦૨૪
સ્થળ : વડોદરા.

**(આશિષકુમાર હસમુખલાલ દવે )**
૨૧ માં એડી. ચિફ જયુડી.મેજીસ્ટ્રેટ, વડોદરા.
**UID CODE 01230**